# એલિગન્સ

**સપ્ટેમ્બર** 2009નો અદ્‌ભુત રવિવાર હતો એ...
સેંટ ઝેવિયર્સ ચર્ચની પાછળના લીલાછમ પ્રાંગણમાં આવેલો સ્ટુડિયો
એ દિવસે એમના આગમનને લીધે વધારે પ્રકાશિત લાગી રહ્યો હતો...
ભાદરવાની બળબળતી બપોર ક્યારેય આટલી શીતળ નહોતી લાગી...
ચોતરફ પથરાયેલી નીરવ શાંતિ વચાળે પક્ષીઓનો મીઠ્ઠો કોલાહલ
મારી પ્રતીક્ષાને વધુ સંગીન બનાવી રહ્યો હતો...

...અને એ ક્ષણ આવી...
શાંત સરોવરના કાંઠે, ઘેઘૂર વૃક્ષના છાંયે પાંગરેલું મનગમતું એકાંત
કોઈ એક વાદળછાયી બપોરે કેટલું સમૃદ્ધ લાગી શકે...
- બસ, એવા અને એટલા જ સમૃદ્ધ અને સ્વસ્થ દેખાતા
ફાધર વાલેસ, પ્રગટ થયા મારા કૅમેરા સામે...

લગભગ 6 ફૂટ ઊંચો, એકવડિયો પણ ટટ્ટાર દેહ...
જાણે, હમણાં જ નાહીને બહાર નીકળ્યા હોય તેવી તાજગી ચહેરા પર...
અને લેન્સની આરપાર નિહાળતી સ્વચ્છ તેજસ્વી આંખો...
... નર્યા વહાલનું ભાષાંતર કરતી રહી.

એમની શારીરિક ઊંચાઈ જાણે એમની આધ્યાત્મિક ઊંચાઈને પ્રગટ કરતી રહી;
એને કૅમેરામાં કેમ સમાવવી!

ફાધર વાલેસ,
આમ તો મૂળ સ્પૅનના...
સુ.દ. શૈલીમાં કહીએ તો, એ જેટલા પેનના એટલા કોઈના નહીં!
એક નિતાંત સુંદર વ્યક્તિત્વ!
યુરોપિયન કવિ વર્ડ્ઝવર્થે ક્યાંક લખેલું,
'A presence that disturbs me with the joy of elevated thoughts'

ફાધર વાલેસની ઉપસ્થિતિ કંઈક આ પ્રકારની છે...
એ એમના શબ્દો દ્વારા સતત વૈચારિક ખલેલ પહોંચાડ્યા કરે, જે આપણને ગમે પણ ખરી!

રવિશંકર મહારાજે કહેલું કે જે માણસ પાઈ ન બચાવતો હોય તે રૂપિયો બચાવી નહીં શકે. ફાધર વાલેસ ક્યાંય શબ્દોનો વ્યય ન કરે. આ બાબતમાં તેઓ ગાંધીજી જેવા છે. તેમની શૈલીમાં સૂત્રાત્મકતા છે, કહો કે મંગલ સૂત્રાત્મકતા છે.

એમના લેખનનું ધ્યેય યુવાપેઢીના સંસ્કારઘડતર અને ચરિત્રનિર્માણનું છે, ને છતાંય એ લખાણ મૈત્રીપૂર્ણ હિતગોષ્ઠિ પ્રકારનું વર્તાય છે. એમાં ફાધર વાલેસ જાણે એક વા' લેશરી તરીકે યુવાનોને એમની વાત મૃદુતાથી સમજાવતા રહ્યા હોય છે. એમણે ભલે ઉદબોધક શૈલી અપનાવી, પરંતુ એમનું દૃષ્ટિબિંદુ હંમેશાં વિધેયાત્મક તથા જીવનને ઊર્ધ્વમાર્ગે લઈ જનારું રહ્યું છે.

ફાધર વાલેસને ૧૯૬૬માં 'કુમાર સુવર્ણ ચંદ્રક' એનાયત થયો, ૧૯૬૮માં ગુજરાતી સાહિત્ય પરિષદનો 'શ્રી અરવિંદ સુવર્ણ ચંદ્રક' અને ૧૯૭૮માં તેમને ગુજરાત સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર 'રણજિતરામ સુવર્ણચંદ્રક' મળ્યો હતો. આ બહુમાન મેળવનાર તેઓ સૌપ્રથમ વિદેશી હતા. સંસ્કૃતિ અને લોકોને ઓળખવાના તેમના સ્થાનિક પ્રવાસો માટે તેમને ૧૯૯૫માં 'આચાર્ય કાકાસાહેબ કાલેલકર એવોર્ડ ફોર યુનિવર્સલ હાર્મની' પુરસ્કાર મળ્યો હતો. મુંબઈના જૈન સમુદાય સાથેની તેમની મિત્રતા માટે તેમને 'માનદ જૈન' તરીકેનું બહુમાન મળ્યું ઉપરાંત સંતોકબા પુરસ્કારથી પણ સન્માનિત થયા. ઇ.સ. ૨૦૨૧માં ફાધર વાલેસને તેમના સાહિત્ય અને શિક્ષણમાં યોગદાન માટે ભારતના ચોથા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રી (મરણોત્તર) વડે સન્માનિત કરવામાં આવ્યા.

એમને સાંભળવા કે વાંચવા એ એક લહાવો છે.
ટૂંકાં અને દીર્ઘજીવી વાક્યો એમની લાક્ષણિકતા છે.
એમની સૂત્રાત્મક શૈલી ક્યાંય ઉપદેશાત્મક બનીને કઠતી નથી.
ધર્મ અને આત્મીયતા એ એમના જીવનનું અને કલમનું કેન્દ્રબિંદુ જણાય છે.
પણ આ ધર્મ તે માનવધર્મ!
એમની નજરમાં કૃષ્ણ અને ક્રાઇસ્ટ અલગ નથી!!

તેઓ આપણી ભાષા વાંચીને કે લખીને નહીં, પણ બોલીને, સાંભળીને પામ્યા છે.
એટલે એમનાં લખાણો એક પ્રકારના 'પોતીકા સાંનિધ્ય'નો અહેસાસ કરાવે છે.
તેઓ પોતે જ નોંધે છે, 'મારાં લખાણોમાં મારા પ્રાણ છે.
અને મારા અંગૂઠાની છાપ પણ તેમાં છે...'

ફાધરને કશુંય ઉછીનું પોસાય જ નહીં! અનુભવની બહારનું કશું જ નહીં...
અને એમના અપાર વિષયવૈવિધ્ય પર તેમની મૌલિકમુદ્રા સહજપણે ઉપસી રહે છે...

એમની કલમમાંથી જે શાહી આવે છે તેમાં જીવનનો ધબકાર છે...
મનુષ્ય અને પરમેશ્વર પ્રત્યેની પ્રીતિ છે...
શ્રદ્ધા અને આત્મીયતાનો સૂર છે...
એમની આંખોએ કૃષ્ણની મુરલીના સૂર સાંભળ્યા છે...
બસ, એ આંખોનો બ્લૅક એન્ડ વ્હાઇટ અનુવાદ આ સાથે આપના માટે...
એમની હયાતીના હસ્તાક્ષર...

www.sanjayvaidya.in





# મારી વાત

**મા**રું પહેલું પુસ્તક ‘સદાચાર’. એ મેં કેવી રીતે લખ્યું એ હું અહીંયાં કહું. મારે એક ભારે પરીક્ષા આપવાની હતી. એ માટે વર્ગો પૂરા થયા પછી પણ બે પૂરા મહિના એ પરીક્ષાની તૈયારી કરવા માટે ફાળવવામાં આવતા હવે મને આખો વિષય બરાબર આવડતો હતો. વળી ‘પરીક્ષા’ માટે મને વિદ્યાર્થી તરીકે તેમ જ શિક્ષક તરીકે હંમેશાં તિરસ્કાર રહ્યો છે. એટલે એ બે મહિનાનો ઉપયોગ એક સારા કામ માટે કરવાનું મેં નક્કી કર્યું. અને મારા જીવનનું પહેલું પુસ્તક લખવાનો પ્રારંભ કર્યો.

પુસ્તક લખવાની પાછળ મારો વિચાર કંઈક એવો હતો કે કૉલેજના મારા વર્ગમાં મારે તો ગણિત ભણાવવાનું આવશે, અને એ માટે મારી પૂરી તૈયારી અને દિલની હોંશ છે, પરંતુ વર્ગ સિવાય સાચો શિક્ષક વિદ્યાર્થીઓની સાથે સંપર્ક રાખે અને અભ્યાસની વાતો સાથે જીવનની વાતો પણ કરે ને એમાં મદદરૂપ થવા પ્રયત્ન કરે. તો એ ભાવિ અને અત્યારથી વહાલા વિદ્યાર્થીઓને ખબર પડે કે આ ગણિતના શિક્ષકને એમના પરિણામ સિવાય એમના જીવનમાં પણ રસ છે. માટે હું એક નાનકડુ પુસ્તક લખું, એમના હાથમાં મૂકું, ને એમાં એમના પ્રશ્નો, એટલે કે કુટુંબના પ્રશ્નો, સમાજના પ્રશ્નો, દેશના અને જીવનના પ્રશ્નો, કોઈ જાગૃત યુવાનને વિચાર કરતો કરી મૂકે એવા પ્રશ્નો લઈને હું એમની ચર્ચા કરું અને મારી ઓરડીના - અને મારા દિલનાં - દ્વાર એવા અંગત વ્યવહાર માટે ખુલ્લાં છે એ જણાવું. બે મહિનામા મેં એ પૂરું કર્યું પછી ગુપ્ત ગુનાના સંતોષ સાથે હું પરીક્ષામાં બેઠો. ફર્સ્ટ ક્લાસ આવ્યો. બીજે વર્ષે અમદાવાદ આવીને મેં કૉલેજમાં ભણાવવાનું શરૂ કર્યું. મારા પુસ્તકના પ્રકાશનની વાત આવી. મારું નામ સાવ અજાણ્યું હતું. પણ પુસ્તકમાં કંઈક માલ છે જ એમ હું માનતો હતો એટલે વાંધો નહીં આવે એમ મને લાગતું હતું. એક પ્રકાશક ભાઈની પાસે જઈને મેં વાત કરી, કે જેનું નામ મેં ‘સદાચારં રાખેલું એવા પુસ્તકની હસ્તપ્રત મેં એમના હાથમાં મૂકી એમણે શીર્ષક વાચ્યું : ‘સદાચાર’ શબ્દનો કટાક્ષથી ઉચ્ચાર કર્યો અને કહ્યું ‘સદાચાર’? આ વાંચે કોણ? અને પુસ્તક ટેબલ પર પછાડ્યું. પુસ્તક પ્રકાશન માટેના મારા બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. છેવટે મેં સ્પેન દેશમાં રહેતા મારાં પૂ. બાને પત્ર લખીને એમની મદદ માંગી. એમણે તરત જરૂરી પૈસા મોકલ્યા અને મારું પહેલું પુસ્તક છપાયું. એની કિંમત રાખી હતી - ૭૫ પૈસા!

પુસ્તક મને વિદ્યાર્થીઓની વધુ ને વધુ નજીક લાવવાનું પોતાનું કાર્ય કરી રહ્યું હતું. એ રીતે મને ટૂંકા સમયમાં બહુ ઉપયોગી બની ગયું. એક દિવસ કોઈ સામાજિક પ્રસંગમાં કોઈએ મને શ્રી બચુભાઈ રાવતની ઓળખાણ કરાવી. તેઓ પ્રતિષ્ઠિત માસિક ‘કુમાર’ના પ્રતિષ્ઠિત તંત્રી હતા.



વાતો કરતાં કરતાં એમણે મને ‘કુમાર’ માટે કોઈ લેખ લખી આપવા કહ્યું. થોડા દિવસ પછી લેખ પણ મોકલ્યો તે ‘કુમાર’ના અંકમાં કવિતા પછી પહેલે પાને છપાયો. મારા ઉપર વાચકોના પત્રો આવવા લાગ્યા. પછી તો શ્રી મહેન્દ્ર મેઘાણી, કે જે ‘લોકમિલાપ’ નામના માસિકના તંત્રી હતા, જેમાં મહિને મહિને અન્ય સામયિકોમાં આવેલા ચુનંદા લેખો પ્રસિદ્ધ કરવામાં આવતા, એમણે પોતાના માસિકમાં મારો ‘કુમાર’વાળો લેખ છાપવા પરવાનગી માંગી અને કહ્યું કે : ‘સામાન્ય રીતે હું મારા માસિકમાં લેખો લઉં છું એ ટૂંકાવીને લઉં છું પરંતુ આપનો લેખ તો એક પણ શબ્દ કાઢ્યા વગર જ છાપવાનો છું.’ આમ મારી લેખમાળા ‘કુમાર’માં પણ ચાલી અને ‘લોકમિલાપ’માં પણ ચાલી. પછી મારા લેખનકાર્યમાં બીજી એક અગત્યની મજલ આવી. એક દિવસ અગ્રગણ્ય દૈનિક ‘ગુજરાત સમાચાર’ના તંત્રી શ્રી શાંતિલાલ શાહનો ફોન આવ્યો મને મળવાની ઈચ્છા દર્શાવી. હું એમના કાર્યાલય પહોંચ્યો. એમણે મને સીધું કહ્યુંઃ ‘ગુજરાત સમાચાર’ની રવિવારની પૂર્તિ છે. એમાં તમે દર અઠવાડિયે એક લેખ લખો એવી મારી વિનંતી છે. ‘કુમાર’માં લખો છો એવું! અને રીતસરનું શીર્ષક બાંધીને મેં દર રવિવારે લખવાનું શરૂ કર્યું. શ્રેણીનું મથાળું હતું- ‘નવી પેઢીને’.

‘નવી પેઢી’ કટારે મારા માટે અમદાવાદમાં અને ગુજરાતમાં લોકહૃદયનાં દ્વાર ખોલ્યાં. રવિવારની પૂર્તિના છેલ્લા પાના પર આઠેઆઠ કૉલમ રોકીને મારો લેખ આવતો. ‘કુમાર’વાળા લેખોનો સંગ્રહ મારા બીજા પુસ્તકમાં પ્રસિદ્ધ થયો. – ‘વ્યક્તિઘડતર’.

જ્યારે ‘ગુજરાત સમાચાર’ના લેખોમાંથી ‘નવી પેઢીને - તરુણાશ્રમ’ પુસ્તક જન્મ્યું. એ ક્રમ વર્ષો સુધી ચાલ્યો, અને એ રીતે દર વર્ષે મારા ત્રણ ચાર નવાં પુસ્તકો પણ છપાતાં. સ્વતંત્ર રીતે પણ હું બીજાં સળંગ પુસ્તકો લખતો એ જુદાં. એ પછીના ગાળામાં યુનિવર્સિટી માટે ગણિતના પ્રશિષ્ટ ગ્રંથ Pure Mathematics અને Applied Mathematicsના અનુવાદ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. જે ‘કેવળ ગણિત’ તથા ‘વિશિષ્ટ ગણિત’ એવાં ભારતીય સંસ્કૃતિને માન્ય હોય એવાં નામે પ્રગટ થયાં. આને મારા લેખનકાર્યનું એક સીમાચિહ્ન ગણું છું. ભાષાંતર ક્ષેત્રે હજુ મારા બીજા એક કાર્યનો ઉલ્લેખ મારે કરવો રહ્યો. ખ્રિસ્તી દેવળોમાં રોજ બોલાતી પ્રાચીન પ્રાર્થના છે જે સૈકાઓ સુધી લેટિન ભાષામાં જ બોલાતી, પરંતુ આખરે વર્તમાનકાળમાં અર્વાચીન ભાષાઓમાં એ બોલવાની છૂટ મળી ત્યારે ગુજરાતીમાં એનું ભાષાંતર કરવાનું કાર્ય પણ મને સોંપવામાં આવ્યું આજે આખા ગુજરાતમાં ખ્રિસ્તી દેવળોમાં શ્રદ્ધાળુ લોકો એ પ્રાર્થના રોજ બોલે છે. પણ અત્યારે કોઈને ખબર નથી અને યાદ પણ નથી કે એ ભાષાંતર મારું છે છતાં એનો મને સંતોષ અને ગર્વ છે. જ્યારે જ્યારે ભગવાનને એ પ્રાર્થના થાય ત્યારે ત્યારે એમાં મારો સ્પર્શ છે એ કંઈ ઓછાં પુણ્ય કહેવાય!